# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


**તા.૦૮/૦૬/૨૦૨૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૭૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૧૯૯ લીટર દેશી દારૂ, ૧૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૮૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૯૯ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૦,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૭૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૭૮૦/૨૦૨૫**

**મણીનગરઃ** મણીનગર રામબાગ પાર્થ એમ્પાયર, ગ્રાઉન્ડ ફ્લોર ખાતે "ગુંજન હોલીડે" નામની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફીસ ધરાવી ધંધો કરતા ગુંજનકુમાર રજનીકાંત ઠક્કર (ઉ.વ.૪૨)(રહે.વિઠ્ઠલપાર્ક સોસાયટી ગોવર્ધનવાડી ટેકરા, મણીનગર) એ તા.૦૭/૦૬/૨૦૨૫ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૨૦૨૫ બપોરના ૧/૩૦ થી તા.૦૫/૦૫/૨૦૨૫ દરમ્યાન મણીનગર રામબાગ પાર્થ એમ્પાયર, ઓફીસ નં-૨૪ "ગુંજન હોલીડેસ" નામની ઓફીસ ખાતે આરોપી કુણાલ ગીરીશભાઈ પટેલ (રહે.મૈત્રીનગર ભોલાવો અંકલેશ્વર ભરુચ હાલ- બરોડા માંજલપુર) એ ગુંજનકુમારને ફોન કરી, "તમારા કાકી એ તમારો નંબર આપેલ છે, મારે કેનેડાની એક ટીકીટ કરાવવી છે" તેમ કહી ગુંજનકુમારને વિશ્વાસમાં લઈ તા.૦૩/૦૫/૨૦૨૫ ના રોજની કેનેડાની એર ઈન્ડીયાની ફ્લાઈટ ટીકીટ કિંમત રૂપિયા ૧,૪૪,૦૦૦/- ની બુક કરાવડાવી, ટીકીટના રૂપિયા નહી ચુકવી ગુંજનકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જે.ટાંક ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૮૧/૨૦૨૫**

**ચાંદખેડાઃ** રણજીત સદાભાઈ શ્રીમાળી (ઉ.વ.૪૨)(રહે.ગાયત્રીનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, ચાંદખેડા) એ તા.૦૭/૦૬/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૬/૨૦૨૫ બપોરના ૩/૩૦ થી સાંજના ૫/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમની તીજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૮૪,૦૦૦/- મતાના ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.એન.ગઢવી ચલાવે છે.

**પતરૂ તુટતા પડી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૭૮૨/૨૦૨૫**

**ઇસનપુરઃ** આકાશ રમેશભાઇ ચુનારા (ઉ.વ.૨૫)(રહે.ચુનારા વાસ, જોગણી માઁની ચાલી, ખજુરી મસ્જીદ પાછળ, વટવા) તા.૦૬/૦૬/૨૦૨૫ ના કલાક ૧૧/૦૦ વાગે રાજબા ટીમ્બર માર્કેટ, ચામુંડા નગર સામે, ઇસનપુર ખાતે પતરા ઉપર કામ કરતાં હતા ત્યારે પતરૂ તુટી જતા નીચે પડી જતાં માથાના ભાગે ગંભીર ઇજા થતાં, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૬/૨૦૨૫ ના કલાક ૧/૨૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૭૮૩/૨૦૨૫**

**કૃષ્ણનગરઃ** સવિતાબહેન વા/ઓ મગનભાઇ પટેલ (રહે.ઇન્દ્રજીત સોસાયટી સરદારમોલ સામે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૫ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા, સારવાર અર્થે તેમને જી.સી.એસ. હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૬/૨૫ ના કલાક ૫/૪૫ વાગે સવિતાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌહાણ ચલાવે છે.

**ઓઢવઃ** ઓઢવ સ્મશાન ગૃહ પાસે, આદર્શ એસ્ટેટ વિભાગ–૦૨ "શ્રીરામ ઇન્જીનીયરીંગ એન્ડ જોબ વર્ક્સ" નામના કારખાનામાં કારીગર તરીકે કામ કરતા અને ત્યાંજ રહેતા અભિષેકકુમાર સ/ઓ મહિપતલાલ રૈદાસ (ઉ.વ.૨૮) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૬/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા કારખાનામાં પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

**નારોલઃ** વિઠ્ઠલભાઇ કિશનરાવ ગૌલે (ઉ.વ.૩૧)(રહે.ઇન્દીરાનગર વિભાગ–૧ નેર વોટરટેંક લાંભા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૬/૨૦૨૫ સાંજના ૬/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૬/૨૦૨૫ રાતના ૯/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી